**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 9.134
Volume - 9, Issue - 7, July - 2026

DOIs:10.2018/SS/202607023 --:-- Research Paper / Article / Review

# દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ખેત સમસ્યાઓ

**મહેશભાઇ એલ. વસાવા** **ડો. મોસમ આર. ત્રિવેદી**
**પીએચ.ડી. સ્કોલર** **આસિસ્ટન્ટ પ્રોફેસર**
**સમાજશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત**
vasavamahesh3010@gmail.com mrtrivedi@vnsgu.ac.in

**સારાંશ:** ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. રાષ્ટ્રીય આવકના ૨૬% ભાગ કૃષિમાંથી પ્રાપ્ત થાય છે. ભારતની કુલ વસતીના આશરે ૮.૬% લોકો આદિવાસી સમુદાયના છે (વસ્તીગણતરી: ૨૦૧૧). ગુજરાતમાં તેની કુલ વસ્તી ૧૪.૭૫% છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ડાંગ, નવસારી, ભરુચ, વલસાડ, તાપી, નર્મદા અને સુરતના આદિવાસી વિસ્તારોનો સમાવેશ થાય છે. દક્ષિણ ગુજરાતનું કૃષિ ક્ષેત્ર લાંબા સમયગાળા પછી પણ ઓછું વિકસિત અને અનેક સમસ્યાઓથી ઘેરાયેલું રહ્યું છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારો. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોની કૃષિ અર્થકારણમાં એવી કેટલીયે સમસ્યાઓ હજુ અસ્તિત્વ ધરાવે છે કે જેણે કૃષિ ક્ષેત્રની આર્થિક સદ્ધરતાને ઘણી સીમિત રાખી છે. જો કે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોની કૃષિ હવે માત્ર જીવન નિર્વાહ કૃષિ જ ન રહેતા, વાણિજ્ય કૃષિ તરફ તેનો ઝોક રહ્યો છે. છતાં આમુલ પરિવર્તનો જોવા મળતાં નથી. આ અભ્યાસમાં દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આદિવાસી ખેડૂતોની ખેત સમસ્યાઓને કૃષિ વિકાસના સંદર્ભમાં સમજવા માટે નિરીક્ષણ અને ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો:** આદિવાસી, ખેત, સમસ્યાઓ, બિયારણ, રાસાયણિક.

**1.પ્રસ્તાવના :-**

ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. રાષ્ટ્રીય આવકના ૨૬% ભાગ કૃષિમાંથી પ્રાપ્ત થાય છે. કૃષિ એ જમીનના ખેડાણથી થતી પેદાશ દ્વારા ખોરાક અને વસ્ત્ર જેવી મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા માટેનો વ્યવસાય છે. ભારતની કુલ વસતીના આશરે ૮.૬% લોકો આદિવાસી સમુદાયના છે (વસ્તીગણતરી:૨૦૧૧). ગુજરાતમાં તેની કુલ વસ્તી ૧૪.૭૫% છે. ગુજરાતમાં અંબાજી થી ઉમરગામ સુધીના બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, સુરત, વલસાડ, નર્મદા, ડાંગ, નવસારી, તાપી, ગોધરા, દાહોદ અને વલસાડમાં આદિવાસીઓ વસે છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ડાંગ, નવસારી, ભરુચ, વલસાડ, તાપી, નર્મદા અને સુરતના આદિવાસી વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં ભીલ, કોકણા, વારલી, કાથોડી, નાયકડા, ધોડિયા, ગામીત, ચૌધરી, વસાવા, તડવી, માવચી વગેરે સમુદાયો વસે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં રહેતા ખેડૂતો મોટા ભાગે ટેકરીઓ, જંગલો અને અર્ધ-પહાડી વિસ્તારોમાં પરંપરાગત પદ્ધતિઓ દ્વારા ખેતી કરે છે.

દક્ષિણ ગુજરાતનું કૃષિ ક્ષેત્ર લાંબા સમયગાળા પછી પણ ઓછું વિકસિત અને અનેક સમસ્યાઓથી ઘેરાયેલું રહ્યું છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારો. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોની કૃષિ અર્થકારણમાં એવી કેટલીયે સમસ્યાઓ હજુ અસ્તિત્વ ધરાવે છે કે જેણે કૃષિ ક્ષેત્રની આર્થિક સદ્ધરતાને ઘણી સીમિત રાખી છે. જો કે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોની કૃષિ હવે માત્ર જીવનનિર્વાહ કૃષિ જ ન રહેતા, વાણિજય કૃષિ તરફ તેનો ઝોક રહ્યો છે. છતાં આમુલ પરિવર્તનો જોવા મળતાં નથી. કૃષિ ક્ષેત્રે રોકડીયા પાકોનું અસ્તિત્વ, યાંત્રિકીકરણ, સુધારેલાં બિયારણ, જંતુનાશક દવા, રાસાયણિક ખાતર વગેરેના વપરાશમાં વૃદ્ધિ જેવી બાબતો દ્વારા એવું જણાય છે કે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોની કૃષિમાં અમુક અંશે પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનમાં સરકારની વિવિધ કૃષિ સહાય યોજનાઓ (પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, સોઈલ હેલ્થ કાર્ડ યોજના, સાત પગલાં ખેડૂત કલ્યાણના, કૃષિ વૈવિધ્યકરણ, કિસાન સૂર્યોદય યોજના, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી યોજના વગેરે) ની ભૂમિકા પણ ખૂબ મહત્વની સાબિત થઈ છે.

## 2. અભ્યાસના હેતુઓ :-

પ્રસ્તુત અભ્યાસ નીચે મુજબના હેતુઓને ધ્યાને લઈ હાથ ધરવામાં આવેલ છે.

૧. દક્ષિણ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં જમીનનું પ્રમાણ, સિંચાઇના સ્ત્રોતો, વેચાણ વ્યવસ્થા, પાકસંગ્રહની વ્યવસ્થા વગેરે તપાસવું.

૨. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ખેત સમસ્યાઓની ઓળખ કરવી.

## 3. અભ્યાસ પધ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન પત્ર સંપુર્ણપણે ગૌણ માહિતી ઉપર આધારીત છે. દક્ષિણ ગુજરાતમાં તાપી, સુરત, નર્મદા, ભરૂચ, નવસારી, વલસાડ અને ડાંગ એમ સાત જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ સાત જિલ્લાઓમાં ભીલ, કોંકણી, વારલી, ચૌધરી, ગામીત, વસાવા, ગાવિત, માવચી, ઢોડિયા પટેલ, કાથોડી, નાયકડા, તડવી જેવી બહુલ આદિવાસી વસ્તી વસે છે અને મોટા ભાગની વસ્તી કૃષિ તથા તેને સંલગ્ન વ્યવસાયો જેમકે પશુપાલન, મરઘાં પાલન, ખેતમજુરી વગેરેમાંથી જ આજીવિકા મેળવે છે. જેથી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ખેત સમસ્યાઓની ઓળખ કરવા અને પ્રસ્તુત સંશોધન પત્ર તૈયાર કરવા માટે દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓના પ્રકાશિત સરકારી વાર્ષિક અહેવાલો, લેખો અને વિવિધ વેબસાઇટ્સનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ખેત સમસ્યાઓ :-**

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની ખેત સમસ્યાઓ આ પ્રમાણે દર્શાવી શકાય.

### (૧) આદિવાસીઓની જમીન માલિકી :-

દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓનો કુલ જમીન વિસ્તારનો વપરાશ નીચેના કોષ્ટક પરથી સમજી શકાશે.

કોષ્ટક નં.૧ જમીનનો વપરાશ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | જિલ્લાના નામ | કુલ ઉપયોગી જમીન વિસ્તાર | ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | ખેડી શકાય તેવી પડતર જમીન | કાયમી ગૌચર જમીન | એકંદરે વાવેતર વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | તાપી | ૩૪૩૪૭૪ | ૪૫૬૪૯ | ૧૬૪૧૦૮ | ૮૯૦૮ | ૧૯૨૪૩૮ |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 9.134
Volume - 9, Issue - 7, July - 2026

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨ | સુરત | ૪૦૧૪૫૩ | ૧૮૭૦૨ | ૪૪૧૨૧ | ૧૪૦૦ | ૨૬૭૫૩૮ |
| ૩ | નર્મદા | ૨૫૬૧૩૫ | ૨૬૫૭૫ | ૭૮૯૩ | ૮૧૭૧ | ૧૨૨૫૪૯ |
| ૪ | નવસારી | ૨૨૦૬.૩૪ | ૨૦૭.૨૦ | ૯૧.૮૪ | ૬૧.૨૪ | ૧૩૨૮.૧૫ |
| ૫ | વલસાડ | ૨૯૬૫ | ૩૬ | ૩૮ | ૨૨ | ૧૯૧૩ |
| ૬ | ભરૂચ | ૬૫૫૭.૭૬ | ૪૧૩.૨૩ | ૧૧૭.૭૦ | ૧૪૯.૨૪ | ૩૪૦૧.૩૭ |
| ૭ | ડાંગ | ૧૭૭૬.૧૭ | ૨૫.૮૭ | ૧૯.૮૫ | ૭.૦૧ | ૭૩૪.૩૪ |
| **કુલ** | | **૧૦૧૪૫૬૭.૨૭** | **૯૧૬૦૮.૩ (૯.૦૩%)** | **૨૧૬૩૮૯.૩૯ (૨૧.૩૩%)** | **૧૮૭૪૨.૪૩ (૧.૮૫%)** | **૫૮૯૯૦૧.૮૬ (૫૮.૧૪%)** |

*સ્રોત: જિલ્લા સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫*

પ્રસ્તુત અભ્યાસ હેઠળ આવરી લીધેલ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓનો (તાપી, સુરત, નર્મદા, નવસારી, વલસાડ, ભરૂચ અને ડાંગ) કુલ જમીન વિસ્તાર ૧૦૧૪૫૬૭.૨૭ છે. જેમાં ૯.03% હેકટર જમીન ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન, ૨૧.૩૩% હેકટર જમીન ખેડી શકાય તેવી પડતર જમીન, ૧.૮૫% હેકટર જમીન કાયમી ગૌચર જમીન અને ખેતી કરવા યોગ્ય (વાવેતર વિસ્તાર) ૫૮.૧૪% હેકટર જમીન છે. જ્યારે અન્ય જમીનમાં માનવ વસ્તી, જંગલો, પ્રકીરણ વૃક્ષો હેઠળની જમીન તથા અન્ય પડતર જમીન આવેલ છે.

NRAS અહેવાલ અનુસાર ભારતની કુલ ખેડ જમીનમાં આદિવાસી પરિવારોનો હિસ્સો લગભગ ૧૨% છે. જો કે આદિવાસી સમુદાય દ્વારા ખેડવામાં આવતી ખેતીની જમીનનું સરેરાશ ક્ષેત્રફળ, અન્ય સમુદાયોની સરખામણીમાં વધારે છે, પરંતુ તેમાંની મોટાભાગની જમીન પ્રતિકૂળ ભૌગોલિક વિસ્તારો (પર્વતો, જંગલો)માં જોવા મળે છે. જેમાં લગભગ ૪૦% નાના અને સીમાંત ખેડૂતો છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં વિવિધ પ્રકારની જમીનો જોવા મળે છે. દક્ષિણ ગુજરાતની મોટાભાગની જમીન જંગલો અને પહાડોથી ઘેરાયેલ છે. તેથી આ જમીનોમાં ખેતી થઈ શકતી નથી. તેમજ મોટાભાગના ખેડૂતોને વરસાદ આધારીત ખેતી પર નિર્ભર રહેવું પડે છે. જેથી આ વિસ્તારના ખેડૂતોની ખેતી જીવન નિર્વાહ પુરતી સિમિત રહી ગઈ છે.

કોષ્ટક નં. ૨ આદિવાસીઓની જમીન માલિકી દર્શાવતું કોષ્ટક

| **ક્રમ** | **જિલ્લાના નામ** | **વિભાગ** | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **અતિ નાના ખેડૂતો** | **સીમાંત ખેડૂતો** | **નાના ખેડૂતો** | **અર્ધ મધ્યમ ખેડૂતો** | **મધ્યમ ખેડૂતો** | **મોટા ખેડૂતો** | **કુલ** |
| ૧ | તાપી | ૧૦૧૧૭ | ૧૦૧૨૯ | ૧૭૦૨૦ | ૧૨૩૭૩ | ૬૧૨૪ | ૫૧૦ | **૫૬૨૭૩** |
| ૨ | સુરત | ૬૨૪૨ | ૬૫૨૫ | ૧૦૯૨૪ | ૮૩૫૬ | ૪૧૨૬ | ૨૭૨ | **૩૬૪૪૫** |
| ૩ | નર્મદા | ૩૫૨૧ | ૫૯૪૨ | ૧૨૨૭૭ | ૧૦૩૭૯ | ૪૩૮૦ | ૩૮૪ | **૩૬૮૮૩** |
| ૪ | નવસારી | ૫૧૮૬ | ૩૯૨૮ | ૪૯૭૪ | ૩૨૧૪ | ૧૧૦૧ | ૫૪ | **૧૮૪૫૭** |
| ૫ | વલસાડ | ૪૬૭૮ | ૧૯૭૫ | ૧૮૧૧ | ૧૧૪૬ | ૪૬૨ | ૨૬ | **૧૦૦૯૮** |
| ૬ | ભરૂચ | ૨૭૫૨ | ૩૨૦૦ | ૫૦૬૧ | ૩૯૦૨ | ૧૯૨૭ | ૧૬૨ | **૧૭૦૦૪** |
| ૭ | ડાંગ | ૬૭૧ | ૮૪૫ | ૧૯૬૫ | ૩૨૯૯ | ૪૪૫૭ | ૧૧૦૨ | ૧૧૦૨ |
| **કુલ** | | **૩૩૧૬૭** | **૩૨૫૪૪** | **૫૪૦૩૨** | **૪૨૬૬૯** | **૨૨૫૭૭** | **૨૫૧૦** | **૧૮૭૪૯૯** |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
**Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal** Impact Factor: 9.134
**Volume - 9, Issue - 7, July - 2026**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ૧૭.૬૯% | ૧૭.૩૬% | ૨૮.૮૨% | ૨૨.૭૬% | ૧૨.૦૪% | ૧.૩૪% | **૧૦૦.૦%** |

* અતિ નાના ખેડૂતો - ૦.૫૦ થી નીચે (ઓછી) હેક્ટર જમીન ધરાવતા ખેડૂતો
* સીમાંત ખેડૂતો - ૦.૫૦ થી ૦.૯૯ હેક્ટર સુધી જમીન ધરાવતા ખેડૂતો
* નાના ખેડૂતો - ૧.૦૦ થી ૧.૯૯ હેક્ટર સુધી જમીન ધરાવતા ખેડૂતો
* અર્ધ મધ્યમ ખેડૂતો - ૨.૦૦ થી ૩.૯૯ હેક્ટર સુધી જમીન ધરાવતા ખેડૂતો
* મધ્યમ ખેડૂતો - ૪.૦૦ થી ૯.૯૯ હેક્ટર સુધી જમીન ધરાવતા ખેડૂતો
* મોટા ખેડૂતો - ૧૦.૦૦ થી વધુ હેક્ટર જમીન ધરાવતા ખેડૂતો

*સ્ત્રોત: જિલ્લા સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫*

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ પાસે ખેતીની જમીન માલિકી ખુબ જ ઓછી છે. તેમજ આ વિસ્તારમાં ખેતીની જમીન નાના નાના ટુકડાઓમાં વહેંચાયેલ છે. જેમાં ૧૭.૬૯% આદિવાસી ખેડૂતો પાસે ૦.૫૦ હેક્ટર થી પણ ઓછી જમીન છે, તેઓનો અતિ નાના ખેડૂતોમાં સમાવેશ થાય છે. ૧૭.૩૬% આદિવાસી ખેડૂતો પાસે ૦.૫૦ થી ૦.૯૯ હેક્ટર જેટલી જમીન છે, તેઓનો સીમાંત ખેડૂતોમાં સમાવેશ થાય છે. ૨૮.૮૨% આદિવાસી ખેડૂતો પાસે ૧.૦૦ થી ૧.૯૯ હેક્ટર જેટલી જમીન છે, તેઓનો નાના ખેડૂતોમાં સમાવેશ થાય છે. ૨૨.૭૬% આદિવાસી ખેડૂતો પાસે ૨.૦૦ થી ૩.૯૯ હેક્ટર જેટલી જમીન છે, તેઓનો અર્ધ મધ્યમ ખેડૂતોમાં સમાવેશ થાય છે. ૧૨.૦૪% આદિવાસી ખેડૂતો પાસે ૪.૦૦ થી ૯.૯૯ હેક્ટર જેટલી જમીન છે, તેઓનો મધ્યમ ખેડૂતોમાં સમાવેશ થાય છે. જ્યારે માત્રા ૧.૩૪% આદિવાસી ખેડૂતો પાસે ૧૦.૦૦ હેક્ટર થી વધુ જમીન છે, જેનો સમાવેશ મોટા ખેડૂતોમાં થાય છે.

**(૨) જમીનની વૈવિધ્યતા :-**

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં વિવિધ પ્રકારની જમીનો જોવા મળે છે. દક્ષિણ ગુજરાતની મોટાભાગની જમીન જંગલો અને પહાડોથી ઘેરાયેલ છે. આ જમીનોમાં ખેતી થઈ શકતી નથી. નર્મદા, ભરુચ અને તાપી જિલ્લાના વિસ્તારમાં પથ્થરાળ, ગોરાળુ, મધ્યમ કાળી, રાતી જમીન તથા નર્મદા અને તાપી નદીના ખીણ વિસ્તારોમાં ફળદ્રુપ કાંપવાળી જમીનો જોવા મળે છે. સુરત અને નવસારી જિલ્લામાં મધ્યમ કાળી, કાળી, છીછરી જમીન તથા દરિયા કાંઠાના વિસ્તારમાં ખારી જમીન આવેલી છે. વલસાડ અને ડાંગ જિલ્લામાં પથ્થરાળ, રાતી અને ગોરાળુ જમીન જોવા મળે છે. જોકે દક્ષિણ ગુજરાતના આદિવાસી ખેડૂતો જંગલની જમીન ધરાવે છે અને જંગલ ખાતાની જમીન પર ખેતી કરે છે. ડાંગ, તાપી અને નર્મદા જિલ્લાના મોટાભાગના આદિવાસી ખેડૂતો વરસાદ આધારિત ખેતી પર નિર્ભર છે.

**(૩) આદિવાસી વિસ્તારમાં સિંચાઇ :-**

NRAS અહેવાલ અનુસાર આખા દેશ માટે સિંચાઈવાળા વિસ્તાર અને વાવેતર વિસ્તારનું સરેરાશ પ્રમાણ ૪૬% છે, જ્યારે આદિજાતિ હસ્તકની જમીન માટે તે આનાથી અડધું, એટલે કે માત્ર ૨૩% છે. દક્ષિણ ગુજરાતમાં આદિવાસી ખેડૂતો મુખ્યત્વે વરસાદી ખેતી પર નિર્ભર છે.

કોષ્ટક નં. ૩ સિંચિત વિસ્તાર દર્શાવતું કોષ્ટક

| ક્રમ | જિલ્લાના નામ | કુલ ઉપયોગી જમીન વિસ્તાર | સિંચિત વિસ્તાર | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૩૪૩૪૭૪ | ૭૯૯૯૬ | **૨૩.૨૯%** |
| ૨ | સુરત | ૪૦૧૪૫૩ | ૧૭૨૬૧૫ | **૪૩.૦૦%** |
| ૩ | નર્મદા | ૨૫૬૧૩૫ | ૪૪૧૦૫ | **૧૭.૨૨%** |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | નવસારી | ૨૨૦૬.૩૪ | ૧૧૫૩.૮૯ | **૫૨.૩૦%** |
| ૫ | વલસાડ | ૨૯૬૫ | ૧૭૬૫ | **૫૯.૫૩%** |
| ૬ | ભરૂચ | ૬૫૫૭.૭૬ | ૩૭૬૬ | **૫૭.૪૩%** |
| ૭ | ડાંગ | ૧૭૭૬.૧૭ | ૨૫૮ | **૧૪.૫૩%** |
| **કુલ** | | **૧૦૧૪૫૬૭.૨૭** | **૪૧૭૮૯૩** | **૪૧.૧૯%** |

*સ્રોત: જિલ્લા સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫*

દક્ષિણ ગુજરાતમાં કુલ ૧૦૧૪૫૬૭.૨૭ હેક્ટર ઉપયોગી જમીન વિસ્તાર આવેલ છે. તેની સામે સિંચિત વિસ્તાર માત્ર ૪૧.૧૯% હેક્ટર જમીન છે. જેમાં સૌથી વધુ સિંચિત વિસ્તાર (૪૩.૦૦% હેક્ટર જમીન) સુરત જિલ્લામાં છે અને સૌથી ઓછો સિંચિત વિસ્તાર (૧૪.૫૩% હેક્ટર જમીન) ડાંગ જિલ્લામાં છે. દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અને ગુજરાત સરકારની સહભાગી જળસંચય યોજનાઓ થકી નાના મોટા ચેકડેમો, તળાવો, કુવાઓ અને ખેત તલાવડીઓને કારણે આ સ્થિતિ થોડી હળવી થઈ હોવાનું જોવા મળ્યું છે, પરંતુ ખેતીનો કુલ વિસ્તાર, જમીનનો પ્રકાર, પાકની તરેહ વગેરેને ધ્યાનમાં લેતાં પિયતની માત્રા બહુ જ મર્યાદિત બની જાય છે.

**(૪) મજૂરોની અછત :-**

દક્ષિણ ગુજરાતના કેટલાક કૃષિ પ્રદેશોમાં મજૂરોની નીંદામણ તથા પાક એકત્રીકરણ વખતે ઊંચી માંગ જોવા મળે છે. આથી આ સમયગાળા દરમિયાન ખેત મજૂરોની ઊંચી માંગ રહેતી હોય છે. બાકીના સમયમાં ખેત મજૂરોની ખાસ માંગ રહેતી નથી. આથી દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કાયમી ખેત મજૂરી કરતો વર્ગ સમય જતાં ઘટતો રહ્યો છે. ઊંચી મોસમી માંગના પ્રમાણમાં આ વર્ગ નહિવત જણાય એ વખતે અન્ય વિસ્તારોમાંથી મજૂરો આવે છે. પરિણામે ઊંચા વેતનદરો નક્કી થાય છે. કયારેક તો મજૂરો ન મળતાં નીંદામણના અભાવે પાકની વૃદ્ધિ પર માઠી અસર પડે છે. પાક સમયસર એકત્રીત ન થતાં ઉત્પાદન-ગુણવત્તા પણ ઘટે છે.

**(૫) કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થા અને ભાવો :-**

ખેડૂતો દ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોના યોગ્ય ભાવ મળવા આવશ્યક હોય છે. તેના દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન મળે અને કૃષિ વિકાસ વેગવંતુ બને. ગુજરાતમાં કૃષિ પેદાશોના વેચાણની જે વ્યવસ્થા છે તેમાં કેટલીક ખામીઓ હતી. આ ખામીઓ દૂર કરવા કૃષિ પેદાશ વેચાણ સમિતિનો વિકલ્પ પસંદ કરવામાં આવ્યો છે. ઉપરાંત ટેકાના ભાવની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. પરંતુ આ પ્રયત્નોમાં પણ મર્યાદિત પ્રમાણમાં સફળતા પ્રાપ્ત થઈ છે. દક્ષિણ ગુજરાતના મોટા ભાગના આદિવાસી ખેડૂતો નજીકમાં આવેલ શહેરોમાં તથા સ્થાનિક હાટમાં પોતાની કૃષિ પેદાશોનું વેચાણ કરતા હોય છે. અખિલ ભારતીય ગ્રામ ધિરાણ તપાસ સમિતિના અહેવાલ મુજબ ભારતમાં આદિવાસી વિસ્તારમાં આશરે ૨૨,૦૦૦ જેટલાં હાટ બજાર યોજાતા હોય છે. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં ૧૨૯ હાટ બજારો આવેલ છે.

ખેડૂતોની અમુક પેદાશોના ભાવો તેના રોકાણ, સાહસ, જોખમ અને મહેનતના પ્રમાણમાં ઘણા નીચા જોવા મળે છે. સરકાર જે તે પાકના ટેકાના ભાવો નક્કી કરતી હોય છે, પરંતુ બજારમાં તેનાથી નીચા ભાવોએ ખરીદ-વેચાણ થાય છે. છતાં સરકાર જે તે સમયે ટેકાના ભાવોએ ખરીદી કરવામાં વિલંબ કરતી હોય છે. આથી નાણાંની જરૂરિયાતવાળા તથા સંગ્રહની સગવડ વગરના ખેડૂતોને ટેકાના ભાવથી નીચા ભાવોએ વેચાણ કરી નુકસાન ભોગવવું પડે છે.

**(૬) આદિવાસીઓમાં સાક્ષરતા:-**

કૃષિ ક્ષેત્રે કૃષિ કાર્યો અને નિયોજક તરીકે શિક્ષણ મેળવેલ અને તાલિમબદ્ધ ખેડૂતોની ભૂમિકા મહત્વની હોય છે.

કોષ્ટક નં. ૪ આદિવાસીઓમાં સાક્ષરતા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | જિલ્લો | કુલ આદિવાસી વસ્તી | કુલ સાક્ષર વસ્તી | સાક્ષરતા દર |
|---|---|---|---|---|
| ૧ | તાપી | ૬,૭૯,૩૨૦ | ૩૯૨૬૫૨ | ૬૪.૯૩ |
| ૨ | સુરત | ૮,૫૬,૦૦૦ | ૫૦૮૨૦૨ | ૬૭.૩૦ |
| ૩ | નર્મદા | ૪,૮૧,૩૯૨ | ૨૮૬૩૫૭ | ૬૯.૦૪ |
| ૪ | નવસારી | ૬,૩૯,૬૫૯ | ૪૨૬૦૬૬ | ૭૪.૫૫ |
| ૫ | વલસાડ | ૯,૦૨,૭૯૪ | ૫૨૨૬૬૬ | ૬૭.૨૬ |
| ૬ | ભરૂચ | ૪,૮૯,૦૦૦ | ૨૭૯૧૭૧ | ૬૫.૬ |
| ૭ | ડાંગ | ૨,૧૬,૦૭૩ | ૧૩૧૮૫૭ | ૭૪.૪૫ |
| **કુલ** | | **૪૨,૬૪,૨૩૮** | **૨૫,૪૬,૯૭૧** | **૫૯.૭૩** |

*સ્રોત: જિલ્લા સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫*

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કુલ ૪૨,૬૪,૨૩૮ આદિવાસી વસ્તી છે અને તેનો સાક્ષરતા દર ૫૯.૭૩% છે. જેમાં નવસારી જિલ્લો ૭૪.૫૫% સાથે સૌથી મોખરે છે. જોકે દક્ષિણ ગુજરાતના દરેક જિલ્લામાં ધીમે ધીમે શિક્ષણનું પ્રમાણ વધવા લાગ્યું છે. પરંતું દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ ખેડૂત કુટુંબના જે સભ્યો શિક્ષણ મેળવે છે, તેમાંથી મોટાભાગના અન્ય વ્યવસાયમાં જોડાય છે. આથી કૃષિ ક્ષેત્રે શિક્ષિત ખેડૂતોનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. પરિણામે મોટાભાગના આદિવાસી ખેડૂતો નિરક્ષર તથા ઓછા શિક્ષિત જોવા મળે છે. જેનાં કારણે કૃષિ વિષયક માહિતી મેળવવામાં તથા સમજવામાં ખેડૂતો ઉણા ઊતરે છે. તેમજ નિરક્ષરના કારણે કેંદ્ર અને રાજ્ય સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓના લાભથી પણ વંચિત રહી જતા હોય છે.

કોષ્ટક નં. ૫ KVK દ્વારા દત્તક લીધેલ ગામોનું કોષ્ટક વિગત દર્શાવતું (૨૦૨૧-૨૦૨૫)

| ક્રમ | જિલ્લો | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) | દત્તક લીધેલ ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | તાપી | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા | ૮ |
| ૨ | સુરત | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત | ૧૦ |
| ૩ | નર્મદા | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેડીયાપાડા | ૧૦ |
| ૪ | નવસારી | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી | ૫ |
| ૫ | વલસાડ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી | ૫ |
| ૬ | ભરૂચ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ચાસવડ | ૫ |
| ૭ | ડાંગ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ | ૬ |
| કુલ | | | ૪૯ |

*Source: Krishi Vigyan Kendra, Annual progress reports (2021 to 2025)*

દક્ષિણ ગુજરાતમાં એકમાત્ર કૃષિ યુનિવર્સિટી (કૃષિ યુનિવર્સિટી નવસારી) આવેલ છે. તેને સંલગ્ન કૃષિ વિજ્ઞાન કેંદ્ર દરેક જિલ્લાઓમાં આવેલ છે. આ કૃષિ વિજ્ઞાન કેંદ્ર દ્વારા જે-તે જિલ્લાના ગામોને દત્તક લઈને તાલીમ આપવામાં આવે છે. ૨૦૨૧ થી ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન દક્ષિણ ગુજરાતના કુલ ૭ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા સર્વાંગી ગ્રામીણ અને કૃષિ વિકાસના હેતુથી માત્ર ૪૯ ગામો જ દત્તક લેવામાં આવ્યા છે. આ અંતર્ગત સુરત અને નર્મદા (દેડીયાપાડા) જિલ્લામાં સૌથી વધુ (૧૦-૧૦) ગામો દત્તક લેવાયા છે. જ્યારે તાપી જિલ્લામાં ૮, ડાંગ જિલ્લામાં ૬ તથા

નવસારી, વલસાડ અને ભરૂચ જિલ્લામાં ૫-૫ ગામો જ દત્તક લેવામાં આવ્યા છે. એનો અર્થ એ થયો કે પાછલા પાંચ વર્ષમાં દક્ષિણ ગુજરાતમાં માત્ર ૪૯ ગામોના ખેડૂતોને જ જે-તે જિલ્લામાં આવેલ કૃષિ વિજ્ઞાન કેંદ્રની વિવિધ સહાય અને તાલીમનો પુરતો લાભ મળ્યો છે. જ્યારે અન્ય ગામોના ખેડૂતોને લાભ મળ્યો નથી. આદિવાસી ખેડૂતોમાં શિક્ષણનું ઓછુ પ્રમાણ, કૃષિ યોજનાઓના લાભોથી વંચિત રહી જવું, કૃષિ તાલીમનો લાભ ન મળવો જેવા અનેક કારણોના લીધે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કૃષિવિકાસ મર્યાદિત બન્યો છે.

**(૭) ખેત પેદાશોની સંગ્રહ વ્યવસ્થા:-**

દક્ષિણ ગુજરાતના આદિવાસી ખેડૂતો પાસે ખેત પેદાશના સંગ્રહની વ્યવસ્થા ઘણી અપૂરતી જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના તાપી અને ડાંગ જેવા વિસ્તારોમાં આજે પણ કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા નથી તથા જે વિસ્તારોમાં કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેની સંગ્રહ ક્ષમતા ઘણી ઓછી જોવા મળે છે. જેથી ખેડૂતો લાંબા સમય સુધી પોતાની ખેત પેદાશોનું સંગ્રહ કરી શકતા નથી.

કોષ્ટક નં. ૬ કોલ્ડ સ્ટોરેજ અને તેની સંગ્રહ ક્ષમતા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | જિલ્લો | કોલ્ડ સ્ટોરેજની સંખ્યા | કોલ્ડ સ્ટોરેજની સંગ્રહ ક્ષમતા (મેટ્રિક ટન) | ક્ષમતાની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | તાપી | - | - | - |
| ૨ | સુરત | ૧૨ | ૬૧,૮૦૦ (મેટ્રિક ટન) | ૬૮.૧૨% |
| ૩ | નર્મદા | ૧ | ૧,૬૧૫ (મેટ્રિક ટન) | ૧.૭૮% |
| ૪ | નવસારી | ૫ | ૪,૦૩૦ (મેટ્રિક ટન) | ૪.૪૪% |
| ૫ | વલસાડ | ૩ | ૧૧,૩૮૩ (મેટ્રિક ટન) | ૧૨.૫૫% |
| ૬ | ભરૂચ | ૨૧ | ૧૧,૯૦૦ (મેટ્રિક ટન) | ૧૩.૧૨% |
| ૭ | ડાંગ | - | - | - |
| **કુલ** | | **૪૨** | **૯૦,૭૨૮ (મેટ્રિક ટન)** | **૧૦૦%** |

*સ્રોત: જિલ્લા સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫*

દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓમાં માત્ર ૪૨ કોલ્ડ સ્ટોરેજ આવેલ છે અને તેની સંગ્રહ ક્ષમતા ૯૦,૭૨૮ (મેટ્રિક ટન) જ છે. જેમાં સૌથી વધુ ૨૧ કોલ્ડ સ્ટોરેજ ભરૂચ જિલ્લામાં આવેલ છે. પરંતુ તેની સંગ્રહ ક્ષમતા માત્ર ૧૩.૧૨% છે. તથા સુરતમાં ૧૨ કોલ્ડ સ્ટોરેજ આવેલ અને તેની સંગ્રહ ક્ષમતા ૬૮.૧૨% છે. જ્યારે તાપી અને ડાંગ જિલ્લામાં એકપણ કોલ્ડ સ્ટોરેજ આવેલ નથી. આથી આ વિસ્તારોના આદિવાસી ખેડૂતોની ખેત પેદાશ (અ) વેચાણ પહેલા કેટલીક ખેત પેદાશ નાશ પામે છે. (બ) ખેત પેદાશની ગુણવત્તા પર માઠી અસર પહોંચે છે. (ક) બજારમાં જે તે પેદાશની પુરવઠાના પ્રમાણમાં માંગ પ્રભાવશાળી હોય ત્યારે સારા ભાવ મેળવવા સુધી, ખેત પેદાશો ગુણવત્તાસભર સાચવી શકાતી નથી. આથી આદિવાસી ખેડૂતોને ઓછા ભાવે વેચાણ કરવું પડે છે.

**(૮) યાંત્રિકીકરણનો મર્યાદિત વિકાસ :**

ગુજરાતની કૃષિમાં યાંત્રિકીકરણની પ્રક્રિયા અવશ્ય વધી છે. કૃષિ ક્ષેત્રે ટ્રેક્ટરનો ઉપયોગ સારા પ્રમાણમાં વધ્યો છે. રોટાવેટર, ઓટોમેટીક ઓરણી, થ્રેસર વગેરે જેવા સાધનો કૃષિ ક્ષેત્રમાં સારા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતાં થયા છે. સિંચાઈની પદ્ધતિમાં પરિવર્તન આવ્યા છે. નાના અને હાથ ટ્રેક્ટરનો ઉપયોગ શરૂ થયો છે. પરંતુ આ યાંત્રિકીકરણ ગુજરાતની કૃષિમાં સાર્વત્રિક બની શકયુ નથી. દક્ષિણ ગુજરાતનો આદિવાસી વિસ્તાર મોટા ભાગે જંગલો અને પર્વતીય

વિસ્તાર છે. આ વિસ્તારમાં બહુ ઓછા પ્રમાણમાં કૃષિ ક્ષેત્રે ટ્રેક્ટર, રોટાવેટર, ઓટોમેટીક ઓરણી, થ્રેસર વગેરે જેવા સાધનો ઉપયોગ થાય છે. જેને આ પ્રદેશની કૃષિની મર્યાદા તરીકે સ્વીકારવું રહ્યું.

### 4. નિષ્કર્ષ:

દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ (તાપી, સુરત, નર્મદા, નવસારી, વલસાડ, ભરૂચ અને ડાંગ) ભૌગોલિક અને કુદરતી સંસાધનોથી સમૃદ્ધ હોવા છતાં આદિવાસી ખેડૂતો હજુ પણ કૃષિ વિકાસની મુખ્ય ધારાથી વંચિત છે. કુલ ૧,૮૭,૪૯૯ આદિવાસી ખેડૂતોમાંથી ૬૪% થી વધુ ખેડૂતો 'અતિ નાના' અને 'સીમાંત' (૧ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા) અથવા 'નાના' ખેડૂતો છે. જમીનના નાના-નાના ટુકડા હોવાને કારણે ખેતી આર્થિક રીતે ઓછી નફાકારક બને છે અને તેના પર આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો મુશ્કેલ બને છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સિંચાઈની સુવિધા ખૂબ જ સીમિત છે. સુરત જિલ્લો ૪૩.00% હેક્ટર સાથે સિંચાઈમાં મોખરે છે, જ્યારે ડાંગ જિલ્લો ૧૪.૫૩% હેક્ટર અને ભરૂચ ૫૭.૪૩% હેક્ટર માં સિંચાઈનો વિસ્તાર નહિવત છે. આ દર્શાવે છે કે પહાડી અને જંગલ વિસ્તારના આદિવાસીઓ આજે પણ સંપૂર્ણપણે 'વરસાદ આધારિત ખેતી કરવા મજબૂર છે. ખેત પેદાશોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા અત્યંત ચિંતાજનક છે. સાત જિલ્લાઓ વચ્ચે માત્ર ૪૨ કોલ્ડ સ્ટોરેજ છે. સૌથી ગંભીર બાબત એ છે કે તાપી અને ડાંગ જેવા બહુલ આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં એક પણ કોલ્ડ સ્ટોરેજ નથી. આના કારણે ખેડૂતો પોતાનું ઉત્પાદન લાંબો સમય સાચવી શકતા નથી તથા માલ બગડી જવાના ડરે ઓછી કિંમતે વેચવો પડે છે. ડાંગ ૭૪.૪૫% અને નવસારી ૭૪.૫૫% જેવા જિલ્લાઓમાં આદિવાસી સાક્ષરતા દર સારો છે, પરંતુ શિક્ષિત યુવાનો ખેતી છોડીને અન્ય વ્યવસાયો તરફ વળી રહ્યા છે. નવસારી કૃષિ યુનિવર્સિટી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVK) ઉપલબ્ધ હોવા છતાં સ્થાનિક આદિવાસી ખેડૂતો સુધી આધુનિક કૃષિ શિક્ષણ અને તાલીમનો વ્યાપ પહોંચી શક્યો નથી. પાકની કાપણી કે નીંદામણ વખતે મજૂરોની તીવ્ર અછત સર્જાય છે, જેથી વેતન દરો વધે છે અને ઉત્પાદનની ગુણવત્તા ઘટે છે. બીજી તરફ, ટેકાના ભાવોની ખરીદીમાં સરકારી વિલંબ અને સ્થાનિક હાટ બજારોમાં વેપારીઓ દ્વારા થતું શોષણ ખેડૂતોના વિકાસને મર્યાદિત બનાવે છે.

### સંદર્ભસૂચિ:

**૧. સંશોધન પત્ર**

- પટેલ, આર., અને ચૌધરી, ડી. (૨૦૧૬). આદિવાસી વિસ્તારના ખેડૂતોની કૃષિ પેદાશની વેચાણ વ્યવસ્થાનો અભ્યાસ. *Knowledge Consortium of Gujarat, 17*(2).

**૨. સરકારી અહેવાલો**

- ગુજરાત સરકાર. (૨૦૨૫). *સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫: ડાંગ જિલ્લો.* અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી.
- ગુજરાત સરકાર. (૨૦૨૫). *સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫: તાપી જિલ્લો.* અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી.

- ગુજરાત સરકાર. (૨૦૨૫). *સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫: નર્મદા જિલ્લો.* અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી.
- ગુજરાત સરકાર. (૨૦૨૫). *સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫: નવસારી જિલ્લો.* અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી.
- ગુજરાત સરકાર. (૨૦૨૫). *સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫: ભરૂચ જિલ્લો.* અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી.
- ગુજરાત સરકાર. (૨૦૨૫). *સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫: વલસાડ જિલ્લો.* અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી.
- ગુજરાત સરકાર. (૨૦૨૫). *સામાજિક-આર્થિક સમીક્ષા ૨૦૨૪-૨૫: સુરત જિલ્લો.* અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી.

### ૩. કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વાર્ષિક અહેવાલો

- Krishi Vigyan Kendra, Bharuch. (2021–2025). *Annual progress reports (2021 to 2025)*. Krishi Vigyan Kendra.
- Krishi Vigyan Kendra, Dang. (2021–2025). *Annual progress reports (2021 to 2025)*. Krishi Vigyan Kendra.
- Krishi Vigyan Kendra, Narmada. (2021–2025). *Annual progress reports (2021 to 2025)*. Krishi Vigyan Kendra.
- Krishi Vigyan Kendra, Navsari. (2021–2025). *Annual progress reports (2021 to 2025)*. Krishi Vigyan Kendra.
- Krishi Vigyan Kendra, Surat. (2021–2025). *Annual progress reports (2021 to 2025)*. Krishi Vigyan Kendra.
- Krishi Vigyan Kendra, Valsad. (2021–2025). *Annual progress reports (2021 to 2025)*. Krishi Vigyan Kendra.
- Krishi Vigyan Kendra, Vyara. (2021–2025). *Annual progress reports (2021 to 2025)*. Krishi Vigyan Kendra.

### ૪. વેબસાઇટ અને ઓનલાઇન અહેવાલો

- Indian Agricultural Facts. (n.d.). *India: A global super power in agriculture (Gujarati)*. https://indianagriculturalfacts.com/wp-content/uploads/india-a-global-super-power-in-agriculture-gujarati.pdf
- Network for Rural and Agrarian Studies (NRAS). (2024). *NRAS report translation edited draft.* http://www.ruralagrarianstudies.org/wp-content/uploads/2024/10/NRAS-Report-Translation-edited-draft.pdf